# અટકાયતમાં હો ત્યારના તમારા અધિકારો યાદ રાખો

**ઇંગ્લેંડ અને વેલ્સના કાયદા હેઠળ આ નોટીસમાંના અધિકારો તમને મળશે જ તેની ખાતરી છે અને તે ફોજદારી કાર્યવાહીના કામોમાં તમને માહિતી મેળવવાનો અધિકાર છે તેને લગતા ઈયુ ના દિશા નિર્દેશ**

**પોલિસ સ્ટેશનમાં તમારા અધિકારો વિષે આ પૃષ્ટ ઉપર ટુંકમાં માહિતી આપવામાં આવેલ છે. આ પછીના પૃષ્ટોના ફકરા 1 થી 11માં વધુ માહિતી આપવામાં આવેલ છે.**

1. જ્યારે તમે પોલીસ સ્ટેશનમાં હો ત્યારે તમે ઇચ્છતા હો કે એક વકીલ તમારી મદદ કરે તો પોલીસને તેની જાણ કરો. આ મફત છે.

2. જો તમે ક્યાં છો તેની કોઇને જાણ કરવા માંગતા હો તો પોલીસને તેની જાણ કરો. આ મફત છે.

3. જો તમે પોલીસના નિયમો જોવા માંગતા હો – જેને કોડ ઓફ પ્રેક્ટિસ (આચારસંહિતા) કહેવામાં આવે છે – તો પોલીસને તેની જાણ કરો.

4. જો તમને તબીબી મદદની જરુર હોય તો પોલીસને તેની જાણ કરો. જો તમને બીમાર હોવાની લાગણી થતી હોય અથવા ઇજા થયેલ હોય તો પોલીસને જણાવો. તબીબી સહાય મફત છે.

5. જો તમને એક ગુનાની શંકા વિષે સવાલો પૂછવામાં આવે, તો તમારે કંઇ પણ કહેવુ જ જોઇએ તેવું જરુરી નથી. છતાંપણ, જો તમને કોઇ સવાલો પૂછવામાં આવે ત્યારે તમે કોઇ બાબત ન જણાવો અને કોર્ટમાં બચાવ માટે તેની ઉપર આધાર રાખો તો તમારા બચાવમાં નુકશાન થઇ શકે છે. તમે જે પણ કહેશો તેને પૂરાવા તરીકે રજૂ કરવામાં આવશે.

6. પોલીસે તેઓના વિચાર મુજબ તમે જે ગુનો કર્યો છે તે વિષે અને શા માટે તમારી ધરપકડ કરવામાં આવી છે અને શા માટે તમે અટકાયતમાં છો તેની તમને જાણ કરવી જ જોઇએ.

7. પોલીસે તમને અથવા તમારા વકીલને તમારી શા માટે ધરપકડ કરવામાં આવી છે અને શા માટે અટકાયતમાં છો તથા પોલીસ સ્ટેશમાં તમે ગાળેલ સમયને લગતી નોંધો અને દસ્તાવેજો જોવા દેવા જ પડશે.

8. જો તમને એક ઇન્ટરપ્રિટર (દુભાષીયા)ની જરૂરીયાત હોય તો પોલીસે તેની વ્યવસ્થા કરવી જ જોઇએ. તમે અમુક દસ્તાવેજોનું ભાષાંતર પણ કરાવી શકો છો. આ મફત છે.

9. જો તમે બ્રિટિશ ન હો અને તમારી એમ્બેસી અથવા કોન્સ્યુલેટનો સંપર્ક સાધવા માંગતા હો અથવા તમારી અટકાયત થયેલ છે તેની તેઓને જાણ કરવા માંગતા હો તો પોલીસને તેની જાણ કરો. આ મફત છે.

10. પોલીસે તમને જણાવવુ જ પડશે કે તેઓ તમને કેટલા સમય સુધી અટકાયતમાં રાખી શકે છે.

11. જો તમારી ઉપર આરોપ મુકવામાં આવે અને તમારો કેસ કોર્ટમાં જાય, તો તમારી અથવા તમારા

જો તમે આ કોઇ પણ અધિકારો વિષે ચોક્કસ ન હો તો પોલીસ કસ્ટડી ઓફિસરને તેની જાણ કરો.

વકીલ પાસે અધિકાર છે કે કોર્ટની સુનાવણી પહેલા તમે સરકારી વકીલના પૂરાવા જોઇ શકો.

Legal Aid Agency

પોલીસે તમારી સાથે કેવો વ્યવહાર કરવો જોઇએ અને કેવી રીતે તમારી સંભાળ રાખવી જોઇએ તેને લગતી માહિતી માટે ટૂંકમાં આપવામાં આવેલ માહિતી પછીના પાના જુઓ.

**અધિકારો અને હક્કોને લગતી આ નોટીસનનું પ્રરુપ** 21 ઑગસ્ટ 2019 **ના દિવસથી અમલમમાં છે.**

કૃપયા આ માહિતી તમારી પાસે રાખો અને શક્ય હોય તેટલી જલદી તેને વાંચો. તમે જ્યારે પોલીસ સ્ટેશનમાં હશો ત્યારે નિર્ણય લેવામાં તેનાથી તમને મદદ થશે.

## 1. તમને મદદ કરવા માટે વકીલની મદદ માંગવી

- એક વકીલ તમને કાયદા વિષે મદદ અને સલાહ પૂરી પાડી શકે છે.
- તમે જો વકીલની સાથે વાત કરવાની માંગ કરશો તો તેનાથી એવુ નહીં દેખાય કે તમે કંઇક ખોટું કામ કર્યુ છે.
- પોલીસ કસ્ટડી ઓફિસરે તમને પૂછવુ જ જોઇએ કે તમારે કાનૂની સલાહ જોઇએ છે કે નહીં. તે મફત છે.
- પોલિસે દિવસ અથવા રાતના, કોઇ પણ સમયે, તમે જ્યારે પોલીસ સ્ટેશનમાં હો ત્યારે તમને વકીલ સાથે વાત કરવા દેવી પડશે.
- જો તમે કાનૂની સલાહની માંગણી કરો તો, સામાન્ય રીતે તમને જ્યાં સુધી એક વકીલ સાથે વાતચીત કરવાની તક ન મળે ત્યાં સુધી પોલીસને તમારી સાથે વાતચીત કરવાની પરવાનગી નથી. જ્યારે પોલીસ તમને સવાલ પૂછે ત્યારે એક વકીલ તમારી સાથે ઓરડામાં બેસે તેવી માંગ તમે કરી શકો છો.
- જો તમે પોલીસને કહેશો કે તમારે કાનૂની સલાહ નથી જોઇતી અને ત્યાર બાદ તમારો વિચાર બદલો, તો પોલીસ કસ્ટડી ઓફિસરને તેની જાણ કરો કે જેઓ તમને એક વકીલનો સંપર્ક સાધવામાં મદદ કરશે.
- જો એક વકીલ ન આવે અથવા પોલીસ સ્ટેશનમાં તમારો સંપર્ક ન કરે, અથવા તમારે ફરીથી એક વકીલ સાથે વાતચીત કરવાની જરુર પડે, તો પોલીસને ફરીથી તેઓનો સંપર્ક કરવા માટે કહો.

### કેટલીક ઓછી ગંભીર બાબતો માટે મફત કાનૂની સલાહ:

- કેટલાક ઓછી ગંભીર બાબત હોય તેવા કેસોમાં મફત કાનૂની સલાહ ક્રિમિનલ ડિફેન્સ સર્વિસ (સી.ડી.એસ) ડાઇરેક્ટ મારફત ટેલિફોન ઉપર સલાહ પૂરતી સીમત છે, સિવાયકે સીમીત અપવાદો લાગુ પડે કે જ્યારે વકીલે પોલીસ સ્ટેશનમાં આવવુ જોઇએ, જેવાકે:
  - પોલીસે તમને એક ગુન્હા વિષે સવાલો પૂછવા હોય અથવા બનાવ આંખે જોયેલ હોય તેવા સાક્ષી માટે ઓળખનો પ્રબન્ધ કરવો હોય.
  - તમારે “યોગ્ય વયસ્ક વ્યક્તિ” મારફત મદદની જરુર હોય. “જે વ્યક્તિઓને મદદની જરૂર હોય” વિભાગ જૂઓ.

- તમે ટેલિફોન ઉપર વાતચીત ન કરી શકતા હો, અથવા
- તમે પોલીસ મારફત ગંભીર દુર્વ્યવહારનો આરોપ મૂકતા હો.

**ક્યારે સી.ડી.એસ ડાઇરેક્ટ મારફત કાનૂની સલાહ ફક્ત ટેલીફોન ઉપર સીમીત નથી:**

- તમે જાણતા હો તે વકીલ સાથે વાતચીત કરવા માટે તમે માંગ કરી શકો છો અને જો તેઓ લિગલ એઇડનું કામ કરતા હોય તો તમારે પૈસા નહીં ચૂકવવા પડે. જો તમે વકીલને ન જાણતા હો અથવા તમે જે વકીલને જાણતા હો તેનો સંપર્ક ન કરી શકાતો હોય, તો તમે એક ડ્યૂટી સોલિસિટર (ફરજ ઉપર હોય તેવા વકીલ) સાથે વાતચીત કરી શકો છો. આ મફત છે.
- ડયૂટી સોલિસિટરનું પોલીસ સાથે કંઇ જ લાગતુ વળગતુ નથી.

**મફત કાનૂની સલાહની વ્યવસ્થા કરવી:**

- પોલીસ ડિફેન્સ સોલિસિટર કોલ સેન્ટર (ડી.એસ.સી.સી)નો સંપર્ક સાધશે. ડી.એસ.સી.સી કાનૂની સલાહ આપવા માટેની વ્યવસ્થા કરશે, ક્યાંતો સી.ડી.એસ ડાઇરેક્ટ મારફત, અથવા તમે જે વકીલની માંગ કરી હોય તેઓ મારફત, અથવા ડ્યૂટી સોલિસિટર મારફત.
- ડી.એસ.સી.સી અને સી.ડી.એસ ડાઇરેક્ટ સ્વતંત્ર સેવાઓ છે કે જેઓ મફત કાનૂની સલાહની વ્યવસ્થા કરવા માટે જવાબદાર છે અને તેઓનું પોલીસ સાથે કંઇ જ લાગતુ વળગતુ નથી.

**જો તમે જાતે કાનૂની સલાહ માટે પૈસા ચૂકવવા માંગતા હો:**

- દરેક કિસ્સામાં જો તમે ઇચ્છતા હો તો કાનૂની સલાહ માટે પૈસા ચૂકવી શકો છો.
- જ્યારે કાનૂની સલાહ સી.ડી.એસ ડાઇરેક્ટ મારફત ટેલીફોન ઉપર સલાહ પૂરતી જ સીમીત હોય તો પણ તમે ઇચ્છો તો તમારી પસંદગીના વકીલ સાથે વાતચીત કરી શકો છો, પરંતુ તેને માટેની ચૂકવણી લિગલ એઇડ મારફત નહીં કરવામાં આવે અને કદાચ તમને તે માટે પૈસા ચૂકવવાનું કહેવામાં આવે. ડી.એસ.સી.સી તમારા વતી તમારા પોતાના વકીલનો સંપર્ક સાધશે.
- તમે ટેલીફોન ઉપર તમારી પસંદગીના વકીલ સાથે ખાનગીમાં વાતચીત કરવા માટે અધિકાર ધરાવો છો અથવા તેઓ કદાચ તમને મળવા માટે પોલીસ સ્ટેશને આવવાનું નક્કી કરે.
- જો તમારી પસંદગીના વકીલનો સંપર્ક ન સાધી શકાય, તો પોલીસ હજુ પણ ડી.એસ.સી.સીનો સંપર્ક સાધી શકશે અને એક ડ્યૂટી સોલિસિટર પાસેથી મફત કાનૂની સલાહ મેળવવાની વ્યવસ્થા કરી શકશે.

## 2. કોઇને જણાવવુ કે તમે પોલીસ સ્ટેશનમાં છો.

- તમે પોલીસ સ્ટેશનમાં છો તેવી કોઈને જાણ કરવાની જરુર હોય તેવી વ્યક્તિનો સંપર્ક સાધવા માટે તમે પોલીસને કહી શકો છો. તે મફત છે.
- તેઓ શક્ય હશે તેટલી જલદી કોઇનો તમારા માટે સંપર્ક સાધશે.

## 3. આચાર સંહિતા જોવી

- આચાર સંહિતા એ તમે પોલીસ સ્ટેશનમાં હો ત્યારે પોલીસ શું કરી શકે છે અને શું નથી કરી શકતી તેને લગતા નિયમો છે. તેમાં આ નોટિસમાં ટુંકમાં આપવામાં આવેલ અધીકારોની વિગતો સામેલ છે.
- પોલીસ તમને આચાર સંહિતા વાંચવા દેશે, પરંતુ તમે તે ત્યારે નહીં વાંચી શકો કે જેથી તમે કાયદાનો ભંગ કર્યો છે કે નહીં તેની તપાસ કરવાના પોલીસના કામમાં રોક લાગે.
- જો તમારે આચાર સંહિતા વાંચવી હોય, તો પોલીસ કસ્ટડી ઓફિસરને તેની જાણ કરો.

## 4. જો તમારું આરોગ્ય સારું ન હોય અથવા તમને ઇજા થયેલ હોય તો તબીબી મદદ મેળવવી

- જો તમને બીમાર હોવાની લાગણી થાય અથવા દવાની જરુર હોય અથવા તમને ઇજા થયેલ હોય તો પોલીસને તેની જાણ કરો. તેઓ ડોક્ટર અથવા નર્સને બોલાવશે અથવા આરોગ્ય સંભાળના એક વ્યાવસાયિકને બોલાવશે અને તે મફત છે.
- તમને કદાચ તમારી પોતાની દવા લેવા માટેની મંજૂરી આપવામાં આવશે, પરંતુ પોલીસે પહેલા તે વિષે પૂછપરછ કરવી પડશે. સામાન્યરીતે નર્સ તમને પહેલા જોશે, પરંતુ જો તમને જરુર હશે તો પોલીસ એક ડોક્ટર બોલાવશે. તમે બીજા કોઇ ડોક્ટર તમને તપાસે તેવી માંગ કરી શકો છો પરંતુ તમારે તે માટે પૈસા ચૂકવવા પડશે.

## 5. ચૂપ રહેવા માટેનો અધિકાર

જો તમને એક ગુનાની શંકા વિષે સવાલો પૂછવામાં આવે, તો તમારે કંઇ પણ કહેવુ જ જોઇએ તેમ જરુરી નથી.

છતાંપણ, જો તમને કોઇ સવાલો પૂછવામાં આવે ત્યારે તમે કોઇ બાબત ન જણાવો અને કોર્ટમાં બચાવ માટે તેની ઉપર આધાર રાખો તો તમારા બચાવમાં નુકશાન થઇ શકે છે.

તમે જે પણ કહેશો તેને પૂરાવા તરીકે રજૂ કરવામાં આવશે.

## 6. તમે કયો ગુનો કર્યો છે તેની શંકા છે તે વિષે અને શા માટે તમારી ધરપકડ કરવામાં આવી છે અને શા માટે તમે અટકાયતમાં છો તે વિષે જાણવુ

- પોલીસે તેઓના વિચાર મુજબ તમે કયો ગુનો કર્યો છે તેના પ્રકાર વિશે તમને જાણ કરવી જ જોઇએ. આમાં તેઓના વિચારે તે ક્યાં અને ક્યારે થયો હતો તે સામેલ હોવુ જોઇએ.

- પોલીસે તમને કહેવુ જ જોઇએ કે શા માટે તેઓ વિચારે છે કે તમે ગુનો કર્યો છે અને શા માટે તેઓના વિચાર મુજબ તમારી ધરપકડ કરવાની જરૂર હતી.
- પોલીસ સ્ટેશનમાં, પોલીસે તેઓના વિચાર મુજબ તમારી અટકાયત શા માટે જરુરી છે તે વિશે તમને જાણ કરવી જ જોઇએ.
- કોઇ પણ ગુના વિષે તમને કોઇ પણ સવાલો પૂછવામાં આવે તે પહેલાં પોલીસે તમે શું કર્યું છે તે વિષે પૂરતી માહિતી તમને અથવા તમારા વકીલને આપવી જ જોઇએ કે જેથી તમે તમારો બચાવ કરી શકો, પરંતુ એવા સમયે નહીં કે જ્યારે પોલીસની તપાસમાં નુકસાન થાય.
- આ પોલિસના વિચાર મુજબ તમે કર્યા હોય તેવા અન્ય કોઇ પણ ગુનાને લાગુ પડે છે.

7. **તમારી ધરપકડ તથા અટકાયતને લગતી નોંધો અને દસ્તાવેજો જોવા.**
   - જ્યારે પોલીસ સ્ટેશમાં તમારી અટકાયત થયેલ હોય, ત્યારે પોલીસે :
     - ~ તમારી કસ્ટડીની નોંધમાં કારણ અને તમારી ધરપકડની જરૂરીયાત વિષે અને તેઓના વિચારે શા માટે તમારી અટકાયત જરુરી છે તેની નોંધ લખવી પડશે.
     - ~ તમને અને તમારા વકીલને આ નોંધો જોવા દેવી પડશે. પોલીસ કસ્ટડી ઓફિસર આ માટેની વ્યવસ્થા કરશે.
   - આ પોલિસના વિચાર મુજબ તમે અન્ય કોઇ ગુના કર્યા હોય તેને લાગુ પડે છે.
   - પોલિસે તમને તથા તમારા વકીલને તમારી ધરપકડ અને અટકાયત કાયદેસરની છે કે નહીં તેને અસરકારકરુપે પડકારવા માટે આવશ્યક વસ્તુઓ અને દસ્વાવેજો સુધી પહોંચ આપવી જ પડશે.

8. **તમને મદદ કરવા માટે ઇન્ટરપ્રિટર (દુભાષિયા) બોલાવવા અને અમુક દસ્તાવેજોનું ભાષાંતર પૂરૂ પાડવુ**
   - જો તમે અંગ્રેજી ન બોલી શકતા હો અથવા ન સમજી શકતા હો તો, પોલીસ તમારી મદદ કરવા માટે તમારી ભાષા બોલતી કોઇ વ્યક્તિની વ્યવસ્થા કરશે. આ મફત છે.
   - જો તમે બધીર (બહેરા) હો અથવા બોલવામાં મુશ્કેલી ધરાવતા હો, તો પોલીસ બ્રિટિશ સાઇન લેંગ્વેજ ઇંગ્લિશ ઇન્ટરપ્રિટરની તમારા માટે વ્યવસ્થા કરશે. આ મફત છે.
   - જો તમે ઇંગ્લિશ સમજતા અથવા બોલતા ન હો તો, પોલીસ તમને શા કારણે તેઓ હવાલાતમાં રાખી રહ્યા છે અને તમારી ઉપર કોઇ વિધિસર આરોપ મુકવામાં આવ્યો હોય તો તે વિષે એક ઇન્ટરપ્રિટરની તમારી સાથે વાતચીત કરાવશે. પોલીસ તમને હવાલાતમાં રાખવાનો નિર્ણય કરે ત્યારે દરેક વખતે તેઓએ આમ કરવુ પડશે.
   - તમને હવાલાતમાં રાખવાના દરેક નિર્ણય બાદ અને તમને કોઇ પણ ગુના માટે ચાર્જ કરવામાં આવ્યા હોય (વિધિસર આરોપ મુકવામાં આવ્યો હોય) તે બાદ, પોલીસે તમને તમારી પોતાની ભાષામાં તમને શા માટે હવાલાતમાં રાખવામાં આવ્યા છે અને જે ગુના માટે

તમને ચાર્જ કરવામાં આવ્યા હોય તેની નોંધ આપવી જ પડશે, સિવાયકે આમ ન કરવા પાછળ કોઇ ખાસ કારણ હોય. આ નીચે પ્રમાણે છે:

~ જો તમે નક્કી કરો કે તમારે તમારો બચાવ કરવા માટે નોંધની જરુર નથી કારણકે તમને શું થઇ રહ્યુ છે તે વિષે અને જો તમે નોંધ માટેના તમારા હકને જતો કરશો તો તેનું પરિણામ શું હશે તે વિષે પૂરેપૂરી સમજ પડી રહી છે અને પોલીસે તમને તે વિષે નિર્ણય કરવા માટે એક વકીલની મદદ માંગવા દીધી હોય. તમારે લેખિત સંમતિ આપવી પડશે.

~ જો તમારો બચાવ કરવા માટે

~ અને શું થઇ રહ્યુ છે તે વિષે પૂરેપૂરી સમજ માટે લેખિત ભાષાંતરના બદલે એક દુભાષિયા મારફત મૌખિક ભાષાંતર અથવા ટુંકમાં માહિતી પૂરતી હોય અને કસ્ટડી ઓફિસર તે માટે મંજૂરી આપે.

- જ્યારે પોલીસ તમને સવાલો પૂછશે અને ઓડીયો રેકોર્ડિંગ ના કરે, ત્યારે ઇન્ટરપ્રિટર તમને પૂછવામાં આવતા સવાલો અને તમારા જવાબોની તમારી પોતાની ભાષામાં નોંધ કરશે. તમે તેની ઉપર સાચી નોંધ તરીકે સહીં કરો તે પહેલા તેને તપાસી શકશો.
- જો તમારે પોલીસને બયાન આપવુ હોય, તો ઇન્ટરપ્રિટર તે બયાનની નકલ તમારી પોતાની ભાષામાં કરશે કે જેથી તમે તેને તપાસી શકશો અને તેની ઉપર તે બયાન સાચુ છે તે જણાવવા સહીં કરી શકશો.
- તમે આ નોટિસના ભાષાંતર માટે પણ હકદાર છો. જો ભાષાંતર ઉપલબ્ધ ન હોય તો તમને એક દુભાષિયા મારફત આ માહિતી આપવી જ જોઇએ અને કોઇ પણ પ્રકારની અનુચિત ઢીલ વગર ભાષાંતર પૂરૂ પાડવુ જોઇએ.

## 9. તમારી એમ્બેસી અથવા કોન્સ્યુલેટનો સંપર્ક સાધવો.

જો તમે બ્રિટિશ ન હો, તો તમે પોલીસને તમારા હાઇ કમીશન, એમ્બેસી અથવા કોન્સુલેટનો તમે ક્યાં છો અને તમે શા માટે પોલીસ સ્ટેશનમાં છો તેની જાણ કરવા માટે સંપર્ક સાધવા માટે જણાવી શકો છો. તેઓ તમારી એકાંતમાં પણ મુલાકાત લઇ શકે છે અથવા વકીલ તમને મળવા આવે તે માટે વ્યવસ્થા કરી શકે છે.

## 10. કેટલા લાંબા સમય સુધી તમને અટકાયતમાં રાખી શકાશે?

- સામાન્યરીતે તમને 24 કલાક સુધી આરોપ મૂકયા વગર હવાલાતમાં રાખી શકાશે. આ સમય લંબાવી પણ શકાય છે પરંતુ ફક્ત ગુનો ક્રાઉન કોર્ટમાં જજ અને જ્યૂરી મારફત સાંભળી શકાય તેવો હોય તો જ અને પોલીસ સુપ્રિટેન્ડન્ટ અથવા કોર્ટ તે માટે મંજૂરી

આપે તો જ. 36 કલાકો પછી, ફક્ત કોર્ટ જ પોલીસને આરોપ મૂક્યા વગર તમારી અટકાયત ચાલુ રાખવા માટે વધુ સમય માટે પરવાનગી આપી શકે છે.

અમુક સમયના ગાળે સિનિયર પોલીસ ઓફિસરે (ઉપરી પોલીસ અધિકારીએ) તમને હજુ પણ પોલીસ સ્ટેશનમાં રાખવાની જરુર છે કે નહીં તેની ઉપર નજર રાખવી જ પડશે. આને રીવ્યુ (સમીક્ષા) કહેવામાં આવે છે અને તે ઓફિસરને રીવ્યુ ઓફિસર (સમીક્ષા અધિકારી) કહેવામાં આવે છે. સિવાય કે તમારી તબિયત સારી ન હોય, તમારી પાસે આ નિર્ણય વિષે લેખિતમાં અથવા સમીક્ષા અધિકારીને વ્યક્તિગત રૂપે અથવા ટેલિવિઝન લિંક પર કહીને મંતવ્ય આપવાનો અધિકાર છે. તમારા વતી તમારા વકીલ પાસે પણ આ વિષે મંતવ્ય આપવા માટેનો અધિકાર છે.

- જો રીવ્યૂ ઓફિસર તમને છોડે નહીં, તો તમને તે વિષે જણાવવુ જ જોઇએ અને કારણ કસ્ટડીની નોંધમાં નોંધવુ જ જોઇએ.
- જો તમારી અટકાયત જરુરી ન હોય તો, તમને છોડવા જ જોઇએ. જો પોલીસ તમને કહે કે તેઓ ગુનાની તપાસ ચાલુ રાખવા માંગે છે, તો તમને ક્યા તો જામીન ઉપર કે પછી જામીન વિના છોડવામાં આવશે. જો જામીન આપવામાં આવે તો તમને લેખિતમાં તમારે પોલીસ સ્ટેશનમાં પરત ફરવું જ પડશે એ કહેતી અને તમારી જામીન પર લાગુ થતી કોઈપણ શરતો વિશેની નોટીસ આપવી જ જોઈએ.
- જ્યારે પોલીસ કોર્ટમાં તમારી અટકાયતને વધારવા માટે માંગ કરે:
  - ~ સુનાવણી માટે તમને કોર્ટમાં લાવવા જ પડશે. સિવાય કે ટેલિવિઝન લિંક સેટ કરવામાં આવે જેથી તમે કોર્ટમાં લોકોને જોઈ અને સાંભળી શકો અને તેઓ તમને જોઈ અને સાંભળી શકે છે.
  - ~ ટેલિવિઝન લિંક સેટ માત્ર ત્યારે જ થઇ શકશે કે જયારે કસ્ટડી અધિકારી યોગ્ય ગણતો હોય, અને સોલિસિટરે તમને તેના ઉપયોગ વિશે સલાહ આપી હોય અને તમે તમારી સંમતિ આપી હોય.
  - ~ કોર્ટને આપવામાં આવતી પૂરાવા જણાવતી અને પોલીસ તમને શા માટે કબજામાં રાખવા માંગે છે તે વિષેની માહિતી તમને આપવી જ જોઇએ.
  - ~ તમારી પાસે કોર્ટમાં સુનાવણી માટે વકીલ હાજર રાખવા માટેનો અધિકાર છે.
  - ~ જો કોર્ટ એવુ માને કે તમને કબજામાં રાખવાની જરુર છે અને પોલીસ કાળજીપૂર્વક અને સમય બરબાદ કર્યા વગર તમારા કેસની તપાસ કરી રહી છે તો જ પોલીસને

તમને કબજામાં રાખવાની પરવાનગી આપવામાં આવશે.

- જો પોલીસ પાસે તમને કોર્ટમાં મોકલવા માટે પૂરતા પૂરાવા હશે, તો તમારી ઉપર પોલીસ સ્ટેશનમાં અથવા ટપાલ મારફત આરોપ મૂકવામાં આવશે અને તમારે સુનાવણી માટે કોર્ટમાં હાજર થવાનું રહેશે.

11. **જો તમારો કેસ કોર્ટમાં જાય તો પૂરાવા સુધી પહોંચ**

- જો તમારી ઉપર એક ગુનાનો આરોપ મુકવામાં આવે, તો તમને અથવા તમારા વકીલને તમારી વિરુધ્ધમાં જે પુરાવા છે તે તથા તમને બચાવમાં મદદ કરી શકે તેવા પૂરાવા જોવા દેવા જ પડશે. આ તમારી સુનાવણી શરુ થાય તે પહેલાં કરવુ પડશે. પોલીસ અને ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસે આ માટેની વ્યવસ્થા કરવા માટે તથા સંબંધિત દસ્તાવેજો અને વસ્તુઓ સુધી પહોંચ પૂરી પાડવી જ જોઈએ.

# પોલીસ સ્ટેશનમાં હોવા વિષે જાણવા લાયક અન્ય બાબતો

### તમારી સાથે કેવો વ્યવહાર થવો જોઇએ અને તમારી કેવી રીતે સંભાળ રખાવી જોઇએ

તમને જ્યારે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે ત્યારે તમે શું અપેક્ષા રાખી શકો છો તે વિષે આ નોંધો તમને કહેશે. વધુ જાણકારી માટે આચાર સંહિતા જોવા માટે માંગ કરો.  તેમાં આ દરેક વસ્તુઓ વિષે વધુ માહિતી ક્યાંથી મેળવવી તે વિષેની એક યાદી સામેલ છે.  જો કોઇ સવાલો હોય તો પોલીસ કસ્ટડી ઓફિસરને પૂછો.

### મદદની જરુર હોય તેવા લોકો

- જો તમે 18 વર્ષ કરતાં ઓછી ઉમરના હો, અથવા નિર્બળતા ધરાવતા હોય, ઉદાહરણ તરીકે જો તમને શીખવાની મુશ્કેલીઓ (લર્નિંગ ડિફિકલ્ટીઝ) અથવા માનસિક આરોગ્યની સમસ્યાઓ હોય તો જ્યારે પોલીસ અમુક વસ્તુઓ કરે ત્યારે તમારી સાથે કોઇ વ્યક્તિ હોય તેનો તમને અધિકાર છે.  આ વ્યક્તિને “તમારી યોગ્ય વયસ્ક વ્યક્તિ” (અપ્રોપ્રિએટ અડલ્ટ) કહેવામાં આવે છે અને તેઓને આ નોટિસની એક નકલ આપવામાં આવશે.
- તમારી સાથેના યોગ્ય પુખ્ત વયની વ્યક્તિ શું થઈ રહ્યું છે તે સમજવામાં અને તમારી રુચિઓનું ધ્યાન રાખવામાં સહાય કરશે.જ્યારે પોલીસ તમને તમારા અધિકારો વિષે અને તમને શા માટે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે તે જણાવે ત્યારે તે અથવા તેણી એપ્રોપ્રિએટ અડલ્ટ તરીકે તમારી સાથે હોવા જોઇએ.  જ્યારે પોલીસ તમને પોલીસની ચેતવણી વાંચી સંભળાવે ત્યારે પણ તે અથવા તેણી તમારી સાથે હોવા જોઇએ.
- તમારા અપ્રોપ્રિએટ અડલ્ટ તમારા વતી એક વકીલની માંગ પણ કરી શકે છે.
- તમે જો ઇચ્છો તો રૂમમાં અપ્રોપ્રિએટ અડલ્ટની હાજરી વગર તમારા વકીલ સાથે વાતચીત કરી શકો છો.

- તમે જ્યારે પોલીસ સ્ટેશનમાં હો ત્યારે પોલીસે કદાચ નીચે જણાવેલ વસ્તુઓમાંની એક પણ કદાચ કરવી પડે. સિવાયકે કોઇ ખાસ કારણો હોય, પોલીસ જો નીચેની કોઇ પણ વસ્તુઓ કરે ત્યારે તમારી સાથેની યોગ્ય પુખ્ત વયની વ્યક્તિ  સંપૂર્ણ સમય સાથે રહી શકે છે:
    - ~ તમારો ઇન્ટરવ્યુ લે અથવા તમને એક લેખીત બયાન અથવા પોલીસની નોંધો ઉપર સહીં કરવાનું કહે.
    - ~ તમને તપાસવા માટે તમારા બહારના કપડાં કરતા વધુ કપડા કાઢે.
    - ~ તમારા આંગળીના નિશાનો, ફોટોગ્રાફ અથવા ડિ.એન.એ. અથવા અન્ય સેમ્પલો લેવામાં આવે.
    - ~ સાક્ષી મારફત ઓળખની પ્રક્રિયાને લગતા કોઇ પણ કામો કરે.

- જ્યારે પોલીસ તમને વધુ સમય અટકાયતમાં રાખવા જોઇએ કે નહીં તે નક્કી કરવા તમારા કેસ ઉપર ફરીથી નજર કરે ત્યારે તમારા એપ્રોપ્રિએટ અડલ્ટને તમારી મદદ કરવા માટે વ્યક્તિગત હાજર રહેવા અથવા ટેલિફોન ઉપર હાજર રહેવા માટેની તક આપવી જોઇએ.
- જો તમારા એપ્રોપ્રિએટ અડલ્ટ ઉપલબ્ધ  હોય તો, જ્યારે પોલીસ તમારી ઉપર એક ગુનાનો આરોપ મુકે ત્યારે તેઓ હાજર હોવા જ જોઇએ.

**પોલીસ સ્ટેશનમાં તમે ગાળેલ સમય વિષે વિગતો મેળવવી**

- તમે જ્યારે પોલીસ સ્ટેશનમાં હો ત્યારે તમારી સાથે બને તે દરેક બાબતોની નોંધ રાખવામાં આવે છે.  આને કસ્ટડી રેકોર્ડ કહેવામાં આવે છે.
- જ્યારે તમે પોલીસ સ્ટેશન છોડો ત્યારે, તમે, તમારા વકીલ અથવા તમારા યોગ્ય વયસ્ક વ્યક્તિ કસ્ટડી રેકોર્ડની એક નકલની માંગ કરી શકે છે.  પોલીસે તમને શક્ય હોય તેટલી જલદી તમારા કસ્ટડી રેકોર્ડની એક નકલ આપવી પડે છે.
- તમે પોલીસ સ્ટેશન છોડો ત્યાર પછી 12 મહીનાઓ સુધીના સમયમાં તમે તમારા કસ્ટડી રેકોર્ડની એક નકલ માંગી શકો છો.

□□□□□□ □□□□□ □□□□□

- વકીલની સાથે વાત કરવા અને તમને હિરાસતમાં લેવામાં આવ્યા છે તેની જાણ કરવાની સાથે સાથે સામાન્ય રીતે તમને એક ફોન પણ કરવા દેવામાં આવશે.

- જો તમારે એક ફોન કરવો હોય તો પોલીસને કહો.
- તમે એક પેન અને એક કાગળ માટે પણ માંગણી કરી શકો છો.  તમે મુલાકાતીને મળી શકશો પરંતુ કસ્ટડી ઓફિસર તે માટે ઇનકાર કરી શકે છે.

**તમારી કોટડી**

- જો શક્ય હોય તો કોટડીમાં એકલા રાખવા જોઇએ.
- તે સ્વચ્છ, ગરમ અને ઉજાશ વાળી હોવી જોઇએ.
- તમારું બિસ્તર સ્વચ્છ અને સારી પરિસ્થિતીમાં હોવું જોઇએ.
- તમને ટોઇલેટનો વપરાશ અને અંગત સફાઇ માટેની વ્યવસ્થા પૂરી પાડવી જ જોઇએ.

**અંગત જરૂરિયાતો – તંદુરસ્તી, આરોગ્યશાસ્ત્ર અને કલ્યાણ**

- જ્યારે તમને અટકાયતમાં રાખવામાં આવે ત્યારે તમને અવશ્ય પૂછવું જોઈએ કે તમને તમારી તંદુરસ્તી, આરોગ્યશાસ્ત્ર અને કલ્યાણની બાબતમાં તમને કદાચ અસર કરે અથવા ચિંતિત બનાવે તેવી તમારી કોઈ પણ અંગત જરૂરિયાતો વિષે કસ્ટડિ સ્ટાફના સભ્ય સાથે ખાનગીમાં વાતચીત કરવાની ઇચ્છા છે.
- તમારી જરૂરિયાતોને સંતોષી શકે તેવી વિચારણા કરવા જેવા જરૂરી ઉત્પાદો પૂરાં પાડવાની પોલીસ વ્યવસ્થા કરશે. જો તમારી ઇચ્છા હોય તો, જે વ્યક્તિ સાથે તમે વાતચીત કરો તે કદાચ તમારા જેવા એકજ જાતિના હોય.
- જો તમે 18 વર્ષની ઉંમરના અથવા તે કરતાં મોટી ઉંમરની સ્ત્રી હો તો, જ્યારે તમને અટકાયતમાં રાખવામાં આવે ત્યારે તમને અવશ્ય પૂછવુ જોઈએ કે જો તમને કોઈ પણ માસિક સ્રાવ સંબંધિત ઉત્પાદોની જરૂર છે અથવા જરૂર પડે તેવી શક્યતા રહે, અને તમને અવશ્ય કહેવામાં આવે કેઃ

~ ઉત્પાદો વિના મૂલ્યે પૂરાં પાડવામાં આવશે;

~ રિપ્લેસમેન્ટ ઉત્પાદો મળી રહે છે; અને

~ જો કસ્ટડિ ઑફિસર સહમત થાય તો ઉત્પાદો તમારા કુટુંબ અથવા મિત્રો દ્વારા તેઓના ખર્ચે પૂરાં પાડી શકાય.

- જો તમે 18 વર્ષની નીચેની કોઈ છોકરી હો તો, કસ્ટડિ ઑફિસર ખાતરી કરશે કે પોલીસ

સ્ટેશનમાં તમારી સંભાળ રાખવા માટે કોઈ એક સ્ત્રી મળી રહે છે, અને તમારી અંગત જરૂરિયાતો અને માસિક સ્રાવ સંબધિત ઉત્પાદો વિષે તમને પૂછે.

**કપડાં**

જો તમારા પોતાના કપડાં તમારી પાસેથી લઇ લેવામાં આવ્યા હોય, તો પોલીસે તમને અન્ય કપડાં આપવા જ પડશે.

**ખોરાક અને પીણાં**

તમને દિવસમાં પીણાં સાથેના 3 ભોજનો પૂરા પાડવા જ જોઇએ. તમે ભોજનો વચ્ચેના સમય દરમિયાન પણ પીણાં પી શકો છો.

**વ્યાયામ**

જો શક્ય હોય તો દરરોજ તમને તાજી હવા માટે બહારની બાજુએ નીકળવા દેવા જોઇએ.

**જ્યારે પોલીસ તમને સવાલ પૂછે ત્યારે**

- ઓરડો સ્વચ્છ, ગરમ અને ઉજાશ વાળો હોવો જોઇએ.
- તમારે ઉભા ન રહેવુ પડે તેમ હોવુ જોઇએ.
- પોલીસ ઓફિસરોએ તમને તેઓનું નામ અને તેઓનો રેંક જણાવવો જોઇએ.
- ભોજનના સામાન્ય સમયોએ તમને આરામ મળવો જોઇએ અને દરેક બે કલાકો બાદ પીણાં માટે બ્રેક મળવો જોઇએ.
- જ્યારે તમે હવાલાતમાં હો ત્યારે દર 24 કલાકમાં ઓછામાં ઓછા 8 કલાકોનો આરામ મળવો જોઇએ.

**ધાર્મિક જરુરીયાતો**

જ્યારે તમે પોલીસ સ્ટેશનમાં હો ત્યારે જો તમારા ધર્મનું પાલન કરવા માટેની કોઇ જરુરીયાત હોય તો પોલીસને તેની જાણ કરો.  તેઓ જરુરી હશે તો તમને ધાર્મિક પુસ્તકો અને અન્ય વસ્તુઓ પૂરી પાડી શકશે.

# જ્યારે સામાન્ય નિયમો જુદા હોય તેવા સમયો

## તમને મદદ કરવા માટે એક વકીલ મેળવવા

કેટલાક સંજોગો હોય છે કે જ્યારે પોલીસે તમને વકીલ સાથે વાતચીત કરવાનો સમય મળે તે પહેલાં તાત્કાલિક સવાલો પૂછવા પડે છે. આ પ્રકારના ખાસ સંજોગો વિષે માહિતી આચાર સંહિતામાં આપવામાં આવેલ છે. આ એવુ પુસ્તક છે કે જેમાં પોલીસ તમે પોલીસ સ્ટેશનમાં હોવ ત્યારે શું કરી શકે છે અને શું નથી કરી શકતી તે જણાવવામાં આવેલ છે. જો તમે વિગતો જોવા માંગતા હો, તો તે આચાર સંહિતાના ફકરા 6.6ના કોડ સી હેઠળ છે.

એક ખાસ સમય છે કે જ્યારે પોલીસ તમને તમારા પસંદગીના વકીલ સાથે વાતચીત નહીં કરવા દે. જ્યારે આમ બને ત્યારે તમને અન્ય વકીલની પસંદગી તેઓએ કરવા દેવી પડશે. જો તમારે વિગતો જોવી હોય તો તે અંગે આચાર સંહિતાના કોડ સીના અનુલગ્નક બીમાં આપેલ છે.

## તમે પોલીસ સ્ટેશનમાં છો તેની કોઇને જાણ કરવી

એવા ખાસ સંજોગો છે કે જ્યારે પોલીસ તમને કોઇનો પણ સંપર્ક નહીં સાધવા દે. આ ખાસ સમયો વિષે આચાર સંહિતામાં માહિતી આપેલ છે. જો તમારે માહિતી જોવી હોય તો તે અંગે આચાર સંહિતાના કોડ સીમાં અનુલગ્નક બીમાં આપેલ છે.

## ડ્રિંક ડ્રાઇવ અને ડ્રગ ડ્રાઈવ અંગેના ગુનાઓ

જો તમને દારૂ પીધા પછી અથવા ડ્રગ લીધા પછી વાહન ચલાવવા માટેના ગુના હેઠળ ગિરફતાર કરવામાં આવ્યા હોય, તો તમારી પાસે એક વકીલ સાથે વાતચીત કરવા માટેનો હક્ક છે. આ હક્કનો અર્થ એમ નથી થતો કે તમે વકીલ સાથે હજુ વાતચીત ન કરી હોય તો પોલીસને શ્વાસ, લોહી અથવા પેશાબની તપાસ માટે સેમ્પલ આપવા માટે ના કહી શકો છો.

# માનસિક આરોગ્યના અધિનિયમ 1983 હેઠળ અટકાયત

પોલીસ માનસિક આરોગ્યના અધિનિયમ હેઠળ આકારણી  માટે પણ તમને પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં રાખી શકે છે. જો તમે 18 વર્ષની ઉપરના હો અને જો એવું કોઈપણ જોખમ હોય  કે તમારા વર્તનને કારણે તમને અથવા અન્યોને  ગંભીર ઇજા અથવા મૃત્યુ થાય, તો તમને અન્યત્ર અટકાયતમાં રાખવાની અપેક્ષા રાખી શકાતી નથી  જો તમને માનસિક આરોગ્યના અધિનિયમ હેઠળ અટકાયતમાં રાખવમાં આવેલ હોય તો તેનો અર્થ એમ નથી થતો કે તમને કોઇ ગુન્હા માટે ગિરફતાર કરવામાં આવ્યા છે.

તેનો અર્થ એમ થાય છે કે પોલીસે એક ડોક્ટર અને આકારણી કરવા માટે યોગ્યતા ધરાવતા એક માન્યતાપ્રદ માનસિક આરોગ્યના વ્યવસાયિક મારફત તમને જોવાની વ્યવસ્થા કરવી જ પડશે.  તમે પોલીસ સ્ટેશનમાં આવો અથવા તમારી અટકાયતના 24 કલાકોની અંદર તમારી આકારણી થવી જ જોઇએ પરંતુ પોલીસ આ માટે શક્ય હોય તેટલી જલદી વ્યવસ્થા કરશે. પોલીસ સ્ટેશન પર, જો ડૉક્ટરને આવશ્યક લાગે અને વરિષ્ઠ પોલીસ અધિકારી તેને મંજૂર કરે , તો મૂલ્યાંકન માટે 24 કલાકની અટકાયત અવધિને વધુ 12 કલાક સુધી વિસ્તૃત કરી શકાય છે.આ સમય દરમિયાન પોલીસ કદાચ તમને વધુ યોગ્ય સ્થળે તબદીલ (ટ્રાન્સફર) કરે કે જેથી આકારણી કરી શકાય.

જ્યારે તમે આંકણી માટે રાહ જોતા હોય, ત્યારે પોલીસ કદાચ માન્યતાપ્રદ આરોગ્યસંભાળના પ્રેક્ટીશનર મારફત તમારી તપાસની વ્યવસ્થા કરે.  તેઓ આંકણી નથી કરી શકતા,પરંતુ તમને હોય તેવી કોઇ પણ આરોગ્યની ચિંતાઓ માટે મદદ કરી શકે છે અને આંકણી શું છે તે વિષે તમને સમજાવી શકે છે.

# હવાલાતના સ્વતંત્ર મુલાકાતીઓ (ઇન્ડીપેન્ડન્ટ કસ્ટડી વિઝીટર્સ)

આ કોમ્યૂનિટીના એવા લોકો છે કે જેઓ અગાઉથી જાણ કર્યા વગર પોલીસ સ્ટેશનોની મુલાકાત લઇ શકે છે. તેઓને ઇન્ડીપેન્ડન્ટ કસ્ટડી વિઝીટર્સ તરીકે ઓળખવામાં આવે છે અને તેઓ મરજીયાત ધોરણે કામ કરે છે એની ખાતરી કરવા માટે કે હવાલાતમાં હોય તે વ્યક્તિઓ સાથે યોગ્ય વર્તણૂક કરવામાં આવી રહી છે અને તેઓ તેઓના હક્કોનો ઉપયોગ કરી શક્યા છે.

તમારી પાસે ઇન્ડીપેન્ડન્ટ કસ્ટડી વિઝિટરને મળવાનો અધિકાર નથી અને ઇન્ડીપેન્ડન્ટ કસ્ટડી વિઝિટર તમારી મુલાકાત લે તે માટે વિનંતી કરી શકશો નહીં.  જો ઇન્ડિપેન્ડન્ટ કસ્ટડી વિઝિટર તમે હવાલાતમાં હો ત્યારે તમારી મુલાકાત લે તો તેઓ પોલીસથી સ્વતંત્રપણે કામ કરતાં હશે એ તપાસવા માટે કે તમારુ કલ્યાણ અને હક્કોને સલામત રાખવામા આવ્યા છે.  છતાંપણ, જો તમે તેઓ સાથે વાતચીત ન કરવાનું ઇચ્છો તો વાતચીત કરવી જરુરી નથી.

## ફરિયાદ કેવી રીતે કરવી

જો તમારી સાથે જે રીતે વ્યવહાર કરવામાં આવ્યો હોય તે વિષે તમે ફરિયાદ કરવા માંગતા હો, તો કૃપા કરીને એક ઇન્સ્પેક્ટર અથવા તેઓથી ઉંચા હોદ્દા ઉપર હોય તેવા એક પોલીસ ઓફિસર સાથે વાતચીત કરવા માટે માંગ કરો.  તમને મુક્તિ  મળે ત્યાર બાદ પણ તમે, ઇન્ડીપેન્ડન્ટ ઓફીસ ફોર પોલીસ કંડકટ (IOPC) અથવા વકીલ મારફત અથવા તમારા વતી તમારા મેમ્બર ઓફ પાર્લામેન્ટ કોઇ પણ પોલીસ સ્ટેશને ફરીયાદ કરી શકો છો.